# પરિષદ-પ્રમુખનો પત્ર

## સંપાદનોની નવી તરેહ

સંપાદનોની એક પદ્ધતિ અથવા તરેહ આપણા સાહિત્યમાં ઘણા લાંબા સમયથી રૂઢ થઈ ગયેલી છે. તેમાં મુખ્યત્વે સાહિત્યનાં વિવિધ સ્વરૂપો અને પ્રકારો તથા વિવેચનો, પત્રો વગેરેનો સમાવેશ થતો રહ્યો છે. આપણા ઘણા વિદ્વાનોએ આ ક્ષેત્રે ઉમદા કામ કર્યું છે. ઉત્તમ સંપાદનો આપણાં ભાષાસાહિત્યની મોટી સમૃદ્ધિ છે. દેખીતી રીતે જ આ પ્રકારનાં સંપાદનો, ચયનો ઇત્યાદિ મહદ્ અંશે વિદગ્ધ વિદ્વાનો, પ્રખર સાહિત્યરસિકો, સંશોધકો વગેરેને ઘણાં ઉપયોગી નીવડે અને નીવડ્યાં છે. આવાં સંપાદનોની ભવિષ્યમાં પણ ઉપયોગિતા સિદ્ધ થાય જ. પરંતુ આ પ્રકારનું સંપાદનસાહિત્ય ઘણે અંશે વિદ્વદ્ભોગ્ય હોય અને તેથી સર્વસાધારણ, ક્યારેક સરેરાશ પણ, સાહિત્યરસિક અને વાંચનપ્રેમી માટે બહુ રસદાયક ન નીવડે તે સ્વાભાવિક છે. આવા સાહિત્યરસિકો અને વાચકોની રુચિને પણ સંતોષવી તો પડે. છેલ્લાં કેટલાંક વરસોથી આ દિશામાં પણ શરૂઆત થઈ અને હવે તેમાં ખાસ્સી પ્રગતિ પણ થઈ છે. જીવન અતિવ્યાપક છે અને સાહિત્ય જો સર્વસ્પર્શી બને તો તે ઉત્તમ સ્થિતિ ગણાય. માનવકુટુંબ એ આ વિશ્વસમાજનું કદાચ સૌથી મહત્ત્વનું અંગ છે. આ એકમરૂપી પુષ્પ અનેક પાંખડીઓથી સજ્જ, સુશોભિત અને સુગંધિત છે. તેમાં માતા, પિતા, ભાઈ, બહેન, દીકરી, દીકરો, પાલક મા, સાસુ, સસરા વગેરે અનેક પાત્રો છે. આપણા ભારતીય સમાજમાં તો આવી બહુપાત્રી કુટુંબવ્યવસ્થા સદીઓથી પ્રચલિત અને સુસ્થાપિત છે. આવા દરેક પાત્રનું પોતીકું મહત્વ, વ્યક્તિત્વ, ગુણલક્ષણો અને પ્રભાવો હોય છે. દાખલા તરીકે મા, દીકરી અને બહેન સવિશેષે એવાં પાત્રો છે જે આપણા, મનુષ્યના સંવેદનતંત્ર સાથે સીધો ઊર્મિરસિત સંબંધ ધરાવે છે. હવે તો દાદા-દાદીનાં પાત્રોનો પણ આવા ભાવવિશ્વમાં સમાવેશ કરવો પડે. જ્યોતીન્દ્ર દવે અને ધનસુખલાલ મહેતાની સુરતની પૃષ્ઠભૂમિ પર રચાયેલી વિરલ હાસ્યનવલકથા 'અમે બધાં'માંથી દાદા દલસુખરામનું પાત્ર રદ કરીએ તો પુસ્તકની સાંવેદનિક અસર લુપ્ત થઈ જાય. કેટલાક કિસ્સાઓમાં તો ઘરનાં કોઈક નોકર – કામવાળી પણ આવો પ્રભાવ ધરાવતાં હોય છે. આવાં પાત્રો વિશેનો જુદી જુદી વ્યક્તિઓ અને કુટુંબોનો પ્રતિભાવ ભિન્ન ભિન્ન હોઈ શકે, છતાં તેમાં માનવીય સંબંધોની મૂળભૂત વિશિષ્ટતા લઘુતમ સાધારણ અવયવ સમાન પણ નીવડી શકે. આ માનવમેળો દષ્ટિવંત અને ઉદ્યમી સંપાદકોને સંપાદનની નવી તરેહ જમાવવા ન પ્રેરે તો જ નવાઈ. આપણી ભાષામાં સંપાદનની એ નવી તરેહ હવે ખાસ્સી વિકસી છે. થોડાંક ઉદાહરણો સ્મરણે ચઢે છે. કેટલાંક વર્ષો પહેલાં મુંબઈના પ્રા. દીપક મહેતા અને તેમનાં પત્ની વંદનાબહેને 'માતૃવંદના'ની પુસ્તકશ્રેણી સંપાદિત અને પ્રગટ કરી હતી. તેમાં સાહિત્ય ઉપરાંત જીવનનાં વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલી અને પ્રસિદ્ધ વ્યક્તિઓએ પોતપોતાની માતા



વિશેનાં સંસ્મરણો અને પ્રતિભાવો વ્યક્ત કર્યાં હતાં. સ્વાભાવિક રીતે જ આ પુસ્તકશ્રેણી ઘણી લોકપ્રિય નીવડી હતી. મોટા ભાગના લેખકોએ તો તેમાં પોતાની માતા વિશેના સ્નેહાદરપૂર્ણ સંબંધો વિશે જ લખ્યું હતું, પણ તેમાં મુંબઈના પ્રસિદ્ધ સંગીતકાર અજિત શેઠે પોતાનાં માતા સાથેના સંઘર્ષભર્યા સંબંધની વાત કરી હતી જે યાદ રહી ગઈ છે.

પણ આ પ્રકારનાં સંપાદનોમાં સીમાચિહ્નરૂપ બન્યું હતું 'દીકરી વહાલનો દરિયો' પુસ્તક. ડૉ. કાંતિ પટેલ આદિ દ્વારા સંપાદિત આ પુસ્તકે આવૃત્તિઓનો કદાચ વિક્રમ સર્જ્યો હતો. આમાં સંપાદન અને પુસ્તક સાથે સંકળાયેલા લેખકોની કલમનો તો પ્રભાવ ખરો પણ તેથીય વિશેષ તો દીકરીના પાત્ર સાથે સદીઓથી સંલગ્ન એવી આપણી માનવીય સંવેદનાનો ઘણો વધુ પ્રભાવ એમ કહેવું જોઈએ. આ પુસ્તકના સંપાદનની સફળતા પછી આ પ્રકારના બીજા પ્રયત્ન પણ થયા. વર્ષો પૂર્વે પ્રા. ગજાનન પટેલે પિતાના પાત્રને અનુલક્ષીને આવું સંપાદન કર્યું હતું. એવું બીજું કમમાં કમ એક સંપાદન પ્રગટ થયાનું સ્મરણ છે. આ સિલસિલો આગળ વધતો જ રહ્યો છે. મુંબઈના પત્રકાર પિન્કીબહેન દલાલે તો સાસુઓ વિશેના લેખોનું પણ સંપાદન પ્રગટ કર્યું છે. રાજકોટના મધુ કોઠારીએ સ્ત્રીવિષયક કાવ્યોનું પણ સંપાદન કર્યું છે. પત્નીવિષયક પુરુષોના નિખાલસ પ્રતિભાવો મેળવી તેનું સંપાદન કરવાનું આમ તો કઠિન લેખાય, પરંતુ એવું એક સંપાદન પણ હાલ પ્રક્રિયા હેઠળ છે.

આવાં સંપાદનોમાં તાજો ઉમેરો વડોદરાના અમીષા શાહ અને મૃગાંક શાહે 'થેંક યૂ મમ્મી' દ્વારા કર્યો છે. આ સંપાદકબેલડીએ આ પૂર્વે 'થેંક યૂ પપ્પા' નામનું સંપાદન પણ પ્રગટ કર્યું હતું. શીર્ષક પરથી સમજાય છે તેમ તેમાં પિતાવિષયક લેખો હતા. 'થેંક યૂ મમ્મી'માં મમ્મી કેન્દ્રસ્થાને છે. જેમ દીકરી તેમ મા પણ આપણી કુટુંબવ્યવસ્થાનું એક ઘણું સંવેદનકેન્દ્રી શાશ્વત પાત્ર છે. હવે આવાં સંપાદનો કેવળ સાહિત્યક્ષેત્રના અગ્રણીઓના લેખો પૂરતા સીમિત રહ્યાં નથી. દાખલા તરીકે 'થેંક યૂ મમ્મી'માં વિખ્યાત ફિલ્મ-અભિનેતા અમિતાભ બચ્ચન, એવાં જ જાણીતાં ફિલ્મ-અભિનેત્રી શબાના આઝમી, પ્રસિદ્ધ ઉદ્યોગ-મહિલા કોકિલાબહેન ધીરુભાઈ અંબાણી, મોરારિબાપુ, પૂર્વ પોલીસ અધિકારી કિરણ બેદી, રાજપીપળાના વિવાદાસ્પદ રાજકુંવર માનવેન્દ્ર ગોહિલ વગેરેની માતૃકથાઓ પણ શામેલ છે. જે સરેરાશ વાચનરસિકના આકર્ષણનું પણ કેન્દ્ર બને. વળી આધુનિક સુવિકસિત મુદ્રણકલાને અનુસંગે પુસ્તકોને નયનરમ્ય બનાવવાનું પણ હવે સહજ છે.

જોકે ક્યારેક એવું લાગે છે કે કૌટુંબિક પાત્રોની સાંવેદનિક અપીલનો કસ કાઢવાની પ્રવૃત્તિ વધતી જાય છે. પણ તેમાંયે ઉચ્ચ ધોરણ અને ઉત્કૃષ્ટ સ્તર જળવાય તો તે આવકારપાત્ર ઠરે.

કવિ-વિવેચક-પ્રકાશક ડૉ. સુરેશ દલાલનાં કેટલાંક વિશિષ્ટ સંપાદનોની પણ અહીં નોંધ લેવી ઘટે. તેમણે ઘર, વતન ઇત્યાદિ વિષયો વિશે વિવિધ લેખકો પાસે લેખો લખાવી તે પુસ્તક રૂપે પ્રગટ કર્યા છે. 'મારું સુખ' નામના તેમના એક સંપાદનમાં વિવિધ લેખકોએ પોતપોતાના સુખાનુભવોની વાત કરી છે. ઘણાં વર્ષો પૂર્વે કવિવર ઉમાશંકર જોશીએ 'સર્જકની આંતરકથા'

નામનો એક અવિસ્મરણીય ગ્રંથ પ્રકાશિત કર્યો હતો તેમાં આપણા પ્રસિદ્ધ સર્જકોએ પોતપોતાની સર્જનયાત્રાની કથાઓ માંડીને કરી હતી. સંપાદકોની શોધબુદ્ધિ આ ક્ષેત્રે હજુ ઘણું નવું નવું કરી શકે.

– અને છેલ્લે ગુજરાતી ભાષાના સીમાચિહ્નરૂપ એક તાજા પ્રકાશનનો ઉલ્લેખ કરવો જ રહ્યો. ગુજરાતના અનન્ય લોકસેવક અને ક્રાંતિકારી સ્વ. ઇન્દુલાલ યાજ્ઞિકની છ ખંડોમાં વિસ્તરેલી આત્મકથા વર્ષોથી અપ્રાપ્ય હતી. પીઢ રાજદ્વારી અને સમાજહિતચિંતક સનત મહેતા તથા જાગરૂક વિચારક ડંકેશ ઓઝાના પ્રયત્નો અને પરિશ્રમથી એ આત્મકથાની નવી આવૃત્તિ ચાર દળદાર ગ્રંથોમાં પ્રકાશિત થઈ છે. આ એક મહિમાવંત ઘટના લેખાવી જોઈએ.

૨૦-૬-૨૦૧૧ **ભગવતીકુમાર શર્મા**